વરસાદની આડમાં ફરી કેમિકલનો કાળો ખેલ!

સમલાયાની મીની નદી ફરી દૂષિત,ગ્રામજનોમાં રોષ

GPCBએ સેમ્પલિંગ કર્યા બાદ જ ફરી કેમિકલ છોડાતા તંત્રની કાર્યવાહી સામે સવાલો

લેબ રિપોર્ટ બાદ
જવાબદારો સામે કડક કાર્યવાહી અને જેલની સજા થાય તેવી સ્થાનિકોની માંગ

સાવલીઃ સાવલી તાલુકાના જૂના સમલાયા ગામ પાસે આવેલી મીની નદીમાં કેમિકલયુક્ત પાણી છોડવાના અહેવાલો પ્રકાશિત થતાં ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (GPCB) હરકતમાં આવ્યું હતું અને સ્થળ પરથી પાણીના વિવિધ સેમ્પલ એકત્ર કર્યા હતા. જોકે, સેમ્પલિંગના ગણતરીના કલાકોમાં જ વરસાદની આડમાં ફરી એકવાર કેમિકલ છોડવામાં આવ્યું હોવાના આક્ષેપો સામે આવતા સમગ્ર પંથકમાં ભારે રોષ ફેલાયો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, અજાણ્યા તત્વોએ ગામ નજીક આવેલા ખાડામાં કેમિકલયુક્ત પાણી છોડ્યું હતું, જેના કારણે ખાડાનું પાણી લાલ રંગનું બની ગયું હતું. ગ્રામજનોનો આક્ષેપ છે કે વરસાદી માહોલનો લાભ લઈ કેમિકલ માફિયાઓ વારંવાર આવા કૃત્યો આચરી રહ્યા છે, જેના કારણે મીની નદી, ખેતીલાયક જમીન, પશુધન અને પર્યાવરણ માટે ગંભીર જોખમ ઊભું થયું છે. અગાઉ પણ આ વિસ્તારમાં કેમિકલ છોડવાના બનાવો સામે આવ્યા હોવા છતાં અસરકારક કાર્યવાહી ન થતાં આવા બનાવો ફરી બનતા હોવાનો સ્થાનિકોનો આક્ષેપ છે. GPCB દ્વારા એકત્ર કરાયેલા પાણીના સેમ્પલો લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવ્યા છે. રિપોર્ટ બાદ પાણીમાં રહેલા કેમિકલના પ્રકાર અને તેની માત્રા સ્પષ્ટ થશે. ત્યારબાદ આ પ્રકારના કેમિકલનો ઉપયોગ કરતી કંપનીઓ અને જવાબદાર તત્વો સુધી તપાસનો દોર પહોંચે તેવી શક્યતા છે. ગ્રામજનોએ માત્ર સેમ્પલિંગ અને કાગળ પરની કાર્યવાહીથી સંતોષ ન માનતા, પર્યાવરણને નુકસાન પહોંચાડનારા જવાબદાર લોકો સામે કાયદેસરની કડક કાર્યવાહી કરી જેલભેગા કરવામાં આવે તેવી ઉગ્ર માંગ કરી છે.

વિદ્યાર્થીઓની સલામતી સામે સવાલ ,સ્થાનિકોની તાત્કાલિક કાર્યવાહીની માંગ

નવજીવન સ્કૂલ પાસે જર્જરિત દીવાલ અને જોખમી વૃક્ષોથી દુર્ઘટનાનો ભય

(પ્રતિનિધિ) વડોદરા,તા.7

ચોમાસાની શરૂઆત સાથે જ વડોદરામાં તંત્રની બેદરકારીનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. વોર્ડ નંબર 13 માં આવેલી રાજસ્થંભ સોસાયટી અને નવજીવન હાઈસ્કૂલ નજીક છેલ્લા ત્રણ વર્ષથી જર્જરિત દીવાલ અને જોખમી હાલતમાં ઉભેલા બે વિશાળ વૃક્ષો સ્થાનિકો માટે ચિંતાનો વિષય બન્યા છે. ગમે ત્યારે, મોટી દુર્ઘટના સર્જી શકે તેવી સ્થિતિ હોવા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ન થતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રહીશોના જણાવ્યા મુજબ આ અંગે છેલ્લા ત્રણ વર્ષથી વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. અધિકારીઓ અને કાઉન્સિલરને સ્થળ પર બોલાવી પરિસ્થિતિથી વાકેફ પણ કરાયા હતા. તેમ છતાં જવાબદાર વિભાગ દ્વારા કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી.

આ વિસ્તાર પાસે શાળા આવેલી હોવાથી દરરોજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને રાહદારીઓ અહીંથી પસાર થાય છે. સ્થાનિક રહીશ હરીશ કાછીયાએ જણાવ્યું કે ચોમાસામાં ભારે વરસાદ અને પવન દરમિયાન જો આ વૃક્ષો ધરાશાયી થાય તો જાનહાનિ સર્જાવાની પૂરી શક્યતા છે. હાલ સ્થાનિકોએ તાત્કાલિક ધોરણે જોખમી વૃક્ષો દૂર કરવા અને દીવાલનું સમારકામ કરવાની માંગ કરી છે.

તલવારથી હુમલો થતાં છાણી વિસ્તારમાં દોડધામ મચી

પત્ની સાથે સંબંધની શંકાએ બે ભાઈઓનો મિત્ર પર હુમલો

(પ્રતિનિધિ) વડોદરા,તા.7

વડોદરાના છાણી વિસ્તારમાં જૂની અદાવત અને પત્ની સાથે મિત્રતા હોવાની શંકાના કારણે 26 વર્ષીય યુવક પર બે ભાઈઓએ તલવારથી જીવલેણ હુમલો કર્યો હતો. હુમલાખોરોએ યુવકને માથા, ગરદન અને હાથ પર ઘા મારીને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. સ્થાનિક લોકો દોડી આવતા હુમલાખોરો ફરાર થઈ ગયા હતા.

છાણી ગામ પાસે રુદ્ર એન્ક્લેવમાં રહેતા 26 વર્ષીય વરિન્દરસિંગ લખબીર સિંગ ડ્રાઈવિંગનો વ્યવસાય કરે છે. લગભગ એક વર્ષ પહેલાં મિત્ર સુખરાજસિંગ સંધુ સાથે ટ્રકના ધંધામાં ભાગીદારી કરી હતી. તે દરમિયાન સુખરાજસિંગની પત્ની મનપ્રીત કૌર સાથે મિત્રતા થતા સુખરાજસિંગને શંકા ગઈ હતી અને આ મુદ્દે બંને વચ્ચે અગાઉ પણ અનેક વખત બોલાચાલી અને ઝઘડા થયા હતા. ઘટનાના દિવસે વરિન્દરસિંગ પોતાના મિત્ર સાથે રેલવે સ્ટેશન પાછળ આવેલા બ્રાન્ડ ફેક્ટરી મોલમાં ગયો હતો, જ્યાં સુખરાજસિંગ અને તેની પત્ની મળ્યા હતા અને જૂની અદાવતને લઈ બોલાચાલી થઈ હતી. ત્યારબાદ રાત્રે છાણી વિસ્તારમાં આવેલી ચેતના ચાઈનીઝ લારી પાસે વરિન્દરસિંગ એકલો હતો ત્યારે સુખરાજસિંગ અને તેનો ભાઈ કરણસિંગ તલવાર લઈને ધસી આવ્યા હતા.

બંને ભાઈઓએ જાનથી મારી નાખવાના ઈરાદે વરિન્દરસિંગના માથા, કપાળ, જમણા હાથના કાંડા તથા ડાબી બાજુ ગરદન પર તલવારના ઘા ઝીંકી ગંભીર ઈજા પહોંચાડી હતી. હુમલા બાદ વરિન્દરસિંગ જીવ બચાવવા દોડી ગયો હતો. લોકો ભેગા થતાં હુમલાખોરો સ્થળ પરથી ભાગી છૂટ્યા હતા. બાદમાં ઈજાગ્રસ્ત પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો, જ્યાંથી તેને 108 એમ્બ્યુલન્સ મારફતે છાણીની શ્રીજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. હાલ તેની સારવાર ચાલી રહી છે.

વડસર ગામના ગોચરમાં દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ

વડોદરાઃ શહેરમાં કાયદો-વ્યવસ્થા જાળવવા અને પ્રોહિબિશનના ગુનાઓ પર અંકુશ લાવવાના અભિયાન હેઠળ માંજલપુર પોલીસે વડસર ગામના ઓડવાળા ફળીયા ગોચરમાં દરોડો પાડી દેશી દારૂ ગાળવા માટેની સળગતી ભઠ્ઠી ઝડપી પાડી હતી. બાતમીના આધારે કરાયેલી કાર્યવાહી દરમિયાન પન્નાભાઈ લાલજીભાઈ ભાલીયા દેશી દારૂ ગાળતા મળી આવ્યા હતા. પોલીસે અંદાજે 5 લિટર તૈયાર દેશી દારૂ, 100 લિટર ગરમ વોશ, ખાલી પીપ, સ્ટીલનો ચાટવો, એલ્યુમિનિયમનું તગારું, પ્લાસ્ટિકનો કારબો અને પાઈપ સહિત રૂ. 3,140નો મુદ્દામાલ કબજે કર્યો હતો. સ્થળ પર જ ગરમ વોશનો નાશ કરી ભઠ્ઠી તોડી પાડવામાં આવી હતી. આરોપી સામે માંજલપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. હજુ પણ વિસ્તારમાં ઘણી જગ્યા પર વિદેશી દારૂની ભઠ્ઠી અને અડ્ડા ધમધમી રહ્યા છે ત્યારે તેમની સામે પણ ક્યારેક કાર્યવાહી કરાશે તેવી ચર્ચા એ જોર પકડ્યું છે.

વિસ્ફોટથી ઓફિસના કાચના કુરચા ઉડ્યા : પાર્ક કારને પણ નુકસાન

ફતેગંજની અમન બિલ્ડીંગની ઓફિસમાં AC ગેસ લીકેજ થતાં યુવક ઈજાગ્રસ્ત

(પ્રતિનિધિ) વડોદરા,તા.7

વડોદરાના ફતેગંજ વિસ્તારમાં આવેલી અમન બિલ્ડીંગના ગ્રાઉન્ડ ફ્લોર પર બ્લાસ્ટ થતા સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. કમાટીપુરામાં લાંબા સમયથી બંધ રહેલી ખાનગી ઓફિસમાં એસી ગેસ લીકેજ અને અગરબત્તીના સ્પાર્કને કારણે આ પ્રચંડ વિસ્ફોટ થયો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. મળતી માહિતી મુજબ, સૈયદ રજાકની માલિકીની આ ઓફિસમાં આજે સવારે 36 વર્ષીય મકસુદ હબીબ મિયા શેખ પૂજા કરવા માટે આવ્યા હતા. તેઓએ અગરબત્તી પ્રગટાવતા જ બંધ ઓફિસમાં પહેલેથી પ્રસરેલા એસીના જ્વલનશીલ ગેસે આગ પકડી લીધી હતી. જોતજોતામાં થયેલા વિસ્ફોટથી ઓફિસના કાચના ટુકડા રસ્તા પર વેરાઈ ગયા હતા. વિસ્ફોટની

તીવ્રતા એટલી હતી કે બિલ્ડિંગની બહાર પાર્ક કરેલી કારને પણ મોટા પ્રમાણમાં નુકસાન પહોંચ્યું હતું. આ દુર્ઘટનામાં ગંભીર રીતે દાઝી ગયેલા મકસુદ શેખને તાત્કાલિક સારવાર અર્થે નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતા જ વડીવાડી ફાયર વિભાગ અને ફતેગંજ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ફાયર વિભાગના પ્રાથમિક અનુમાન મુજબ, લાંબા સમયથી બંધ ઓફિસમાં એસીનો ગેસ લીક થવાથી સમગ્ર રૂમમાં જ્વલનશીલ વાતાવરણ સર્જાયું હતું. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે કે ગેસ લીકેજનું ચોક્કસ કારણ શું હતું અને અન્ય કોઈ બેદરકારી જવાબદાર છે કે કેમ.

રૂા. ૮.૩૭ લાખના ૧૯ બોક્સ કોપર કેબલ ચોરાયા

હરણી કેનાલ રોડ પર બિલ્ડરની સાઈટ પરથી કોપર કેબલની ચોરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.7

વડોદરા શહેરના હરણી કેનાલ રોડ પર આવેલી કૃષ્ણા સ્કાયવીલા રહેણાંક સાઈટ પર તસ્કરો ત્રાટકયા હતા અને બિલ્ડરની સાઈટને નિશાન બનાવી ફ્લેટમાંથી રૂ. 8.37 લાખના કોપર વાયરની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. બંધ ફ્લેટમાં સ્ટોર કરાયેલા આર.આર. કેબલના 19 બોક્સ ઉઠાવી લઈ ગયેલા તસ્કરો સામે હરણી પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાના આધારે તપાસ શરૂ કરી છે.

હરણી વિસ્તારમાં રહેતા બિલ્ડર વિનય અનિલભાઈ છુટાણીએ નોંધાવેલી ફરિયાદ મુજબ હરણી કેનાલ રોડ પાસે આવેલી કૃષ્ણા સ્કાયવીલા નામની રહેણાંક સાઈટ પર ફ્લેટ નંબર-202નો ઉપયોગ સાઈટના સામાનના સ્ટોર તરીકે કરવામાં આવતો હતો. ગત 5 જૂન, 2026ના રોજ ફ્લેટના ઈલેક્ટ્રિકલ વાયરિંગ માટે રૂ. 8.37 લાખની કિંમતના આર.આર. કેબલના કોપર વાયરના 19 બોક્સ ફ્લેટ નંબર-202માં રાખી રૂમને તાળું મારી દેવામાં આવ્યું હતું. ત્યારબાદ 1 જુલાઈના રોજ ઈલેક્ટ્રિકલ કામ શરૂ કરવા માટે એન્જિનિયર કેયુર પટેલ વાયર લેવા પહોંચ્યા ત્યારે રૂમમાંથી તમામ કોપર વાયર ગાયબ હોવાનું સામે આવ્યું હતું. તપાસ કરતાં ગેલેરીમાં માત્ર ખાલી બોક્સ જ પડેલા મળી આવ્યા હતા. બિલ્ડર અને તેમના પિતાએ સમગ્ર સાઈટ પર શોધખોળ કરી છતાં કોપર વાયરનો કોઈ પત્તો લાગ્યો ન હતો. આખરે અજાણ્યા તસ્કરો સામે હરણી પોલીસ સ્ટેશનમાં બિલ્ડર દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે રૂ. 8.37 લાખના કોપર વાયરની ચોરીનો ગુનો નોંધી આસપાસના સીસીટીવી ફૂટેજ, ટેક્નિકલ પુરાવા અને અન્ય માહિતીના આધારે આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

મગરને સુરક્ષિત સ્થળે ખસેડવાની સ્થાનિકોની માગ

તાંદલજા ગામના બસ સ્ટેન્ડ નજીક મગરની એન્ટ્રી,લોકોમાં ભયનો માહોલ

(પ્રતિનિધિ) વડોદરા,તા.7

વડોદરાના તાંદલજા વિસ્તારમાં ગામ બસ સ્ટેન્ડ પાસે આવેલા તળાવમાં મગર દેખાતા સ્થાનિકોમાં ભારે ભયનો માહોલ ફેલાયો છે. રહેણાંક વિસ્તારની મધ્યમાં આવેલા આ તળાવમાં વિશાળકાય મગર જોવા મળતા લોકોના જીવ તાળવે ચોંટી ગયા છે. વડોદરા શહેરમાં વિશ્વામિત્રી નદી અને આસપાસના કોતરો-તળાવોમાં મગરોનો વસવાટ સામાન્ય વાત છે. પરંતુ જ્યારે આ સરીસૃપ રહેણાંક વિસ્તારની એકદમ નજીક પહોંચી જાય ત્યારે સ્થિતિ ચિંતાજનક બની જાય છે. આ તળાવની આસપાસ મોટી સંખ્યામાં સોસાયટીઓ અને રહેણાંક મકાનો આવેલા છે. રોજબરોજ લોકો અહીંથી પસાર થાય છે અને બાળકો પણ આસપાસ રમતા હોય છે. ચોમાસા દરમિયાન પાણીનું સ્તર બદલાતા મગર બહાર આવી જવાની કે સોસાયટીઓમાં ઘૂસી જવાની દહેશતે લોકોને ફફડાવી દીધા છે. હાલ પરિસ્થિતિ એવી છે કે સ્થાનિકો રાત્રિના સમયે ઘરની બહાર નીકળતા પણ ડરી રહ્યા છે. લોકોએ વન વિભાગ અને તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરી મગરને સુરક્ષિત સ્થળે ખસેડવાની માંગ કરી છે, જેથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને.

વરણામાં ગામમાં MGVCLની બેદરકારી

જાહેર રસ્તા પર વીજ વાયર લટકતા અકસ્માતનો ભય

(પ્રતિનિધિ) વડોદરા,તા.7

વડોદરા નજીકના વરણામાં ગામમાં મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડની બેદરકારી સામે આવી છે. ગામના જાહેર રસ્તા પર વીજ પોલ પરથી વીજ વાયર જોખમી રીતે નીચે લટકી રહ્યો છે, જેના કારણે ગંભીર અકસ્માતની ભીતિ સેવાઈ રહી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ એમજીવીએલના જાંબુઆ ડિવિઝન હેઠળ આવતા વરણામાં ગામમાં મુખ્ય માર્ગ પર વીજ વાયર છેલ્લા ઘણા સમયથી જોખમી રીતે લટકી રહ્યો છે. રાહદારીઓ, વાહનચાલકો અને બાળકો માટે આ વાયર જીવનું જોખમ ઊભું કરે છે. ખાસ કરીને વરસાદી મોસમમાં ભીના રસ્તા અને વીજ પ્રવાહના જોખમને કારણે પરિસ્થિતિ વધુ ગંભીર બની શકે છે. કોઈપણ સમયે અકસ્માત સર્જાય તેવી આશંકા વચ્ચે ગ્રામજનોમાં સતત

ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે આ અંગે જવાબદાર અધિકારીને અનેક વખત જાણ કરવામાં આવી છે. છતાં આજદિન સુધી એમજીવીસીએલની કોઈ ટીમ સ્થળ પર સમારકામ માટે પહોંચી નથી. તંત્રની આ ઉદાસીનતાને કારણે સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

પ્રથમ વરસાદે જ પાલિકાની પ્રિમોન્સૂન સહિતની કામગીરીની પોલ ખોલી

બાજવા-છાણી નાળામાં પાણી ભરાતા વાહનવ્યવહાર ખોરવાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.7

વડોદરા શહેરમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી સાથે જ અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યા સામે આવી છે. ભારે વરસાદના કારણે બાજવા-છાણી નાળા વિસ્તારમાં પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. અનેક વાહનો પાણીમાં ફસાઈ ગયા હતા, જ્યારે લોકોને અવરજવર માટે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. નાળામાં પાણી ભરાવાને કારણે માર્ગ સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો. પરિણામે અનેક લોકોને જોખમ વચ્ચે રેલવે ટ્રેક પરથી પસાર થવાની ફરજ પડી હતી. વરસાદી પાણીના કારણે રોજિંદા જીવન પર પણ અસર જોવા મળી હતી.

પ્રથમ જ વરસાદમાં શહેરના મુખ્ય વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં

વડોદરા મહાનગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરી સામે ફરી એકવાર અનેક સવાલો ઊભા થયા છે. કરોડો રૂપિયાના ખર્ચ બાદ પણ જો શરૂઆતના વરસાદમાં જ આવી સ્થિતિ સર્જાય, તો ભારે વરસાદ દરમિયાન શહેરની સ્થિતિ કેવી રહેશે તે અંગે લોકોમાં ચિંતા જોવા મળી રહી છે.

વડોદરાના ગૌરાંગ શાહને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ-લંડનનું 'સર્ટિફિકેટ ઓફ એક્સેલન્સ'

પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે પ્રતિબદ્ધ રહી કાર્ય ચાલુ રાખવાનો સંકલ્પ

(પ્રતિનિધિ) વડોદરા તા.7

વડોદરાની અગ્રણી રિન્યુએબલ એનર્જી કંપની કોટ્યાર્ક ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ગૌરાંગ રમેશચંદ્ર શાહને રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે તેમના નોંધપાત્ર યોગદાન બદલ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ-લંડન દ્વારા 'સર્ટિફિકેટ ઓફ એક્સેલન્સ' એનાયત કરવામાં આવ્યું છે.

લંડનના હાઉસ ઓફ કોમન્સ, પેલેસ ઓફ વેસ્ટમિન્સ્ટર ખાતે યોજાયેલા સમારોહમાં તેમને આ સન્માન અપાયું હતું. બાયોફ્યુઅલ ઉત્પાદનને પ્રોત્સાહન, ટકાઉ ઊર્જા ઉકેલો, પર્યાવરણ સંરક્ષણ તેમજ નવીન ટેકનોલોજી આધારિત વિકાસમાં તેમના યોગદાનની કદરરૂપે આ એવોર્ડ આપવામાં આવ્યો હતો. સમારોહમાં કોટ્યાર્ક ઈન્ડસ્ટ્રીઝના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ભાવિની શાહ અને પૂર્ણકાલીન ડિરેક્ટર ધ્રુતિ શાહ

પણ હાજર રહ્યા હતા.

સન્માન બાદ ગૌરાંગ શાહે જણાવ્યું કે આ સિદ્ધિ સમગ્ર કોટ્યાર્ક પરિવારની છે. ટીમના સમર્પણ અને નવીન વિચારસરણીના કારણે સ્વચ્છ અને ટકાઉ ઊર્જા ક્ષેત્રે અર્થપૂર્ણ યોગદાન શક્ય બન્યું છે. તેમણે ભવિષ્યમાં પણ નવીનીકરણીય ઊર્જા અને પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે પ્રતિબદ્ધ રહી કાર્ય ચાલુ રાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો. કોટ્યાર્ક ઈન્ડસ્ટ્રીઝ સ્વચ્છ ઊર્જા અને બાયોફ્યુઅલ ક્ષેત્રે અગ્રણી કંપની તરીકે કાર્યરત છે.

શહેરના જુદાજુદા વિસ્તારમાંથી ૧૪ જુગારી ઝડપાયા

વડોદરા : શહેરમાં જુગારની પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા પોલીસની વિશેષ ડ્રાઈવ દરમિયાન લક્ષ્મીપુરા, અટલાદરા અને ફતેહગંજ પોલીસ સ્ટેશનોએ અલગ-અલગ સ્થળોએ દરોડા પાડી કુલ 14 જુગારીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે દરોડા પાડતા જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી. ત્રણેય કાર્યવાહી દરમિયાન રોકડ રકમ, મોબાઈલ, પત્તા અને જુગારના સાધનો સહિત કુલ રૂ. 43,910નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. લક્ષ્મીપુરા વિસ્તારમાં સાત જુગારીઓ પાસેથી રૂ. 27,010, અટલાદરામાં વરલી મટકાનો જુગાર ચલાવતા 75 વર્ષીય રમેશભાઈ અંબાલાલ પટેલ પાસેથી રૂ. 12,700 અને ફતેહગંજ બ્રિજ નીચે ખુલ્લામાં જુગાર રમતા છ શખ્સો પાસેથી રૂ. 4,200 કબજે કરાયા હતા. ત્રણેય મામલામાં જુગારધારા હેઠળ ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

વિજયનગર નાકા પાસેથી ક્રાઇમ બ્રાન્ચે દબોચી, એક હજી પણ ફરાર

બ્યુટી પાર્લર સંચાલિકા પાસેથી રોકડ, મંગળસૂત્ર પડાવનાર બે મહિલા ઝબ્બે

(પ્રતિનિધિ), વડોદરા. તા.૭

વડોદરા શહેરના વાડી-બરાનપુરા વિસ્તારમાં વિધિના બહાને બ્યુટી પાર્લર સંચાલિકાને હિપ્નોટાઈઝ કર્યા બાદ તેમની પાસેથી સોનાનો મંગળસૂત્ર અને રોકડા રૂપિયા લઈને ફરાર થઈ જનાર ત્રણ ગેંગની બે મહિલાને શહેર ક્રાઇમ બ્રાન્ચે ઝડપી પાડ્યા છે. આરોપીઓ પાસેથી રૂ.83 હજારની કિંમતનું 8.660 ગ્રામ વજનનું સોનાનું મંગળસૂત્ર કબજે કરવામાં આવ્યું છે. મુખ્ય આરોપી સામે અગાઉ પણ ઠગાઈ અને ચોરીના 11 ગુના નોંધાયેલા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. ત્રીજી આરોપી હજુ પણ ફરાર છે.

તાજેતરમાં જ વાડી બરનપુરા વિસ્તારમાં બ્યુટી પાર્લર સંચાલિકા ને હિપ્નોટાઈઝ કરીને વિધિના બહાને તેમની પાસેથી ત્રણ મહિલાઓ સોનાનું મંગળસૂત્ર અને રોકડા રૂપિયા લઈને ફરાર થઈ ગઈ હતી જેની ફરિયાદ વાડી પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. ક્રાઇમ બ્રાન્ચની ટીમ પેટ્રોલિંગમાં હતી.

દરમિયાન મળેલી બાતમીના આધારે હરણી રોડ વિજયનગર નાકા પાસેથી મીનાબેન મહેન્દ્ર વાદી (રહે. બહિયલ, દહેગામ) અને દક્ષાબેન દીપકભાઈ સલાટ (રહે. સુભાષનગર, અમદાવાદ) ને ઝડપી પાડવામાં આવી હતી. મહિલા પોલીસ દ્વારા તપાસ દરમિયાન બંને પાસેથી એક સોનાનું મંગળસૂત્ર મળી આવ્યું હતું. તેની માલિકીના પુરાવો રજૂ કરી શક્યા ન હોવાથી પૂછપરછ હાથ ધરતા બંનેએ અન્ય એક મહિલા સાગરીત સાથે મળીને વાડી વિસ્તારમાં બ્યુટી પાર્લર ચલાવતી મહિલાને ધાર્મિક વિધિના બહાને ભોળવી ગળામાંથી મંગળસૂત્ર ઉતરાવ્યું હતું. ત્યારબાદ મંગળસૂત્ર અને રૂ.3,500 રોકડ પર્સમાં મુકાવી મહિલાને વિધી માટે ઊંધા ઊભા રહેવા કહી પર્સ લઈને ફરાર થઈ ગયા હોવાનું કબૂલ્યું હતું. આ કબૂલાતના આધારે વાડી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુનો ડિટેક્ટ થયો હતો.

ક્રાઇમ બ્રાન્ચે કાયદેસરની કાર્યવાહી બાદ બંને આરોપીઓને વાડી પોલીસને સોંપી દીધા છે. તપાસમાં સામે આવ્યું છે કે મુખ્ય આરોપી મીના વાદી સામે ગુજરાતના વિવિધ પોલીસ સ્ટેશનોમાં ઠગાઈ, ચોરી અને વિશ્વાસઘાત સહિતના 11 ગુનાઓ નોંધાયેલા છે. ક્રાઇમ બ્રાન્ચ હવે આ ગેંગની ત્રીજી મહિલા સાગરીતની શોધખોળ કરી રહી છે.

સ્માર્ટ સિટીની પોલ ખોલતા વરસાદી ખાડા

ખિસકોલી સર્કલ પર કલાકો ટ્રાફિક જામથી વાહનચાલકો ત્રાહિમામ

જામમાં સવારના સમયે નોકરિયાતો અને વિદ્યાર્થીઓ કલાકો સુધી અટવાઈ પડ્યા હતા. તંત્રની બેદરકારીના કારણે પ્રજાજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખિસકોલી સર્કલ આસપાસના મુખ્ય માર્ગો પર પડેલા મોટા-મોટા ખાડાઓ વાહનચાલકો માટે જીવનું જોખમ બની ગયા છે. ખાડાઓમાંથી બચવા માટે વાહનોને સાઈડમાં લેવાની મથામણમાં વાહનોની ગતિ સાવ ધીમી પડી જાય છે, જેના કારણે લાંબી કતારો સર્જાય છે. સ્થાનિકોનું કહેવું છે કે, અહીંથી પસાર થતી વખતે ક્યારે ખાડામાં વાહન પલટી જાય અથવા પાછળથી કોઈ અથડાય તેનો ડર સતત તોળાતો રહે છે. આ રસ્તો સ્થિતિ તંત્રના આયોજનના અભાવ અને કામગીરીની પોલ ખોલી રહી છે. જવાબદાર અધિકારીઓ સામે હવે લોકો સવાલો ઉઠાવી રહ્યા છે કે, ટેક્સ ભરતા નાગરિકોને શું આવી સુવિધાઓ માટે જ મજબૂર કરવામાં આવે છે ? ટ્રાફિકની સમસ્યાથી કંટાળેલા વાહનચાલકોએ હવે તંત્રને જગાડવા માટે માગ કરી છે કે, કોર્પોરેશન દ્વારા કોઈ પણ વિલંબ વગર તાત્કાલિક ધોરણે રસ્તાઓનું પેચવર્ક પૂર્ણ કરવામાં આવે. જો આગામી ૨૪ કલાકમાં ખાડાઓ પૂરવામાં નહીં આવે, તો સ્થાનિકો દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમ આપવામાં આવે તેવી પણ ચીમકી ઉચ્ચારાઈ રહી છે.